

CHAUHAN HEMANT KUMAR D.
M.com, B.Ed
M. 9904620111

નમસ્કાર,

હું ચૌહાણ હેમંતકુમાર, ગુજરાત કોમર્સ કોલેજનો અભૂતપુર્વ વિધાર્થી. વર્ષ 2004 થી 2007 સુધી મે કોલેજમાં અભ્યાસ કર્યો. કોલેજનાં સંસ્કૃતિક વિભાગમાં ગીત - સંગીત ક્ષેત્રે મને ખુબ જાણવા મળ્યુ. અને તેનાં થકી હું સ્ટેજ અનુંભવી બન્યો. જેમા કોલેજનાં તમામ પ્રોફેસરનો ખૂબ મોટો સિંહ ફાળો છે. આપ સૌને મારા નત મસ્તક પ્રણામ. હું આપનું આ ઋણ જીવન પર્યન્ત નહી ભૂલુ.

હાલ સંસ્થા છેલ્લા 2 વર્ષથી આઝાદીના અમૃત મહોત્સવને ઉજવવાનાં ભાગ રૂપે કોઈ બહેનો વ્હિલર શીખી ને આત્મ સન્માન મેળવી રહ્યાં છે. કોઈ બહેનો કોમ્પ્યુટર શીખી, તો કોઈ પાકિટ બનાવીને આત્મનિર્ભર બની રહ્યાં છે. તો કોઈ સિવણ શીખીને, કોઈ યોગ કરીને તંદુરસ્ત બની રહ્યા છે. તો કોઈ નર્સિંગ કરીને.

પરતું આ બધુ રાતો રાત નો નહી જ થયું હોય તે આપ પણ સમજી શકો છો.

સંસ્થાનો ઈતિહાસ એમ છે કે વર્ષ 2008 માં એક ભાડાના અને પતરાનાં મકાનમાં વિ બેસાડીને ભણાવવાની શરૂઆત કરી હતી.

વર્ષ 2004/05 માં અનમે વિશ્વની સૌથી મોટા સ્ત્રી સંચાલીત સંગઠન બ્રહમાકુમારી ઈશ્વરીય વિશ્વ વિધાલયનો પરીચય થયો જયાંથી બ્રહમચર્ય એટલે કે ગૃહસ્થાશ્રમ નું જ્ઞાન પ્રાપ્ત થયું અને એ જાણવા મળ્યું કે ઈશ્વરે આ જન્મ ફક્ત પરોપકાર માટે જ આપ્યો છે.

સમય જતાં આર્થીક સધ્ધરતાં મળતા વર્ષ 2014/15 માં શિવ સારથી ફાઉન્ડેશન નામે NGO ની સ્થાપનાં કરી જેનાં દ્વારાં સરખેજ ખાતે 500 થી વધું બાળકીઓને નિ:શૂલ્ક અંગ્રેજી તેમજ ગુજરાતી અક્ષર જ્ઞાન પ્રદાન કરવાનો પ્રયત્ન કર્યો, જેમાં ખૂબ સારી સફળતા મળી. આ સાથે, સ્વચ્છતા અભિયાન, વૃક્ષારોપણ, કુંડા વિતરણ અને અન્ય અનેક નાના-મોટા સામાજીક કાર્યો દ્વારા સમાજ પ્રત્યે પોતાનું ઋણ ચૂકવવાનો પ્રયત્ન કર્યો છે.

વધુમાં જણાવતા આનંદ થાય છે કે ભારત સરકાર DRDO દ્વારા C-DAC કોમ્પ્યુટર સેન્ટર NPE સંસ્થાનું નર્સિંગ સેન્ટર પણ શરૂ કરીને વિધાર્થીઓને શૈક્ષણીક ક્ષેત્રે આગળ વધારીને સમાજ પ્રત્યે પોતાનું કર્તવ્ય રૂપી ઋણ ચૂકવવાનો પ્રયત્ન કરી રહ્યા છીએ.

સાથે સાથે પોતાનાં ફાઉન્ડેશન થકી એ.સી. રીપેર, મોબાઈલ રીપેર, મહેન્દી, પાર્લર, સીવણ જેવા ઓકેશનલ કોર્ષ શિખવાડી બાળકોને આત્મ નિર્ભર બનાવવાનું ભાગીરથ કાર્યમાં વધુ ને વધુ સહભાગી થવા ઈચ્છિએ છીએ.

આમ, ઈશ્વરે પરમાર્થ માટે આપેલ આ જીવન, માનવ સેવા કરીને જીવ ને શિવ સુધી પહોચાડવાનો એક પ્રયાસ કરીએ છીએ. જેમા હજારો લોકો પોતાનો યથા શક્તિ સહયોગ આપી રહ્યા છે.

લિ.

આભાર સહ

જય હિન્દ

ચૌહાણ હેમંતકુમાર

શિવ સારથી ફાઉન્ડેશન.

શિવ-શારથિ ફાઉન્ડશન
૧૪, નિલકંઠનગર,
સરખેજ, અમદાવાદ-૩૮૨૨૧૦.
M:9904020111, 9687069220

# અમદાવાદનાં વિખ્યાત મહાનુંભાવો અને હેમંત સર





















